| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|


તા.૧૦/૦૭/૨૦૨૩ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૨૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૧૬૫ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૬,૫૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૨૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૧૩૦/૨૦૨૩

**મણીનગરઃ** મહર્ષિભાઇ ઉમેશચંદ્ર શાહ(ઉ.વ.૪૩)(રહે,પરિષ્કાર-૨ ફેઝ-૨, ખોખરા સર્કલ ખોખરા) એ તા.૦૯/૦૭/૨૦૨૩ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/03/૨૦૨૩ થી તા.૨૭/૦૬/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી હેમાંગભાઇ રાજેન્દ્રકુમાર પંચાલ (રહે.મહાલક્ષ્મી-૨ સેલ્સ ઇન્ડીયા સામે મણીનગર ચાર રસ્તા મણીનગર) એ મહર્ષિભાઇ તેમજ તેમના મિત્ર વર્તુળના સભ્યોને દિલ્લી, હરીદ્વાર, ઋષિકેશ ટુરમાં મોકલવાના બહાને મહર્ષિભાઇ પાસેથી રોકડ રૂપિયા ૪,૦૧,૦૦૦/- મેળવી લઈ ટુર પર નહી લઇ જઇ તેમજ પેમેન્ટ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.વાઘેલા ચલાવે છે.

## વાહન ચોરીઃ- સમાચાર યાદી નં.૧૧૩૧/૨૦૨૩

**વટવા જી.આઇ.ડી.સીઃ** સુરજભાન મોતીલાલ યાદવ (રહે.પોલારીસ આનંદ સોસાયટી, ૧૦૦ ફુટ રીંગ રોડ, વિરાટનગર રોડ, પામ હોટલ પાસે, નવા નિકોલ) એ વટવા જીઆઇડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૭/૨૦૨૩ રાતના ૮/૩૦ થી તા.૦૯/૦૭/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન રામોલ ચોકડી પાસે, હાથીજણ સર્કલ તરફ જતા રોડ ઉપર “રાજતાજ” કંપની પાસે પાર્ક કરેલ પોતાની (૧) હાઇડ્રા ક્રેન નંબર જીજે.૨૭.સીક્યુ.૦૯૮૦ કિંમત રૂપિયા ૮,૦૦,૦૦૦/- અને (૨) જીજે.૨૭.સીક્યુ.૩૩૬૪ કિંમત રૂપિયા ૧૧,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ચૌધરી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૩૨/૨૦૨૩</u>**

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** સુરેશભાઇ સીરૂમલ મંગલાણી (ઉ.વ.૨૨)(રહે.મદમાવતી એપાર્ટમેન્ટ કેડીલાબ્રિજ ઘોડાસર) તા.૦૯/૦૭/૨૦૨૩ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા પીપળજથી પીરાણા તરફ આવતા KGN ઓટો ગેરેજ સામેથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ક્રેઈન પાછળ બીજુ વાહન ટ્રોઇંગ કરેલ ક્રેઇન (નંબર જાણવા મળેલ નથી) એ ક્રેઈન બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી સુરેશભાઇની એકટીવા સાથે ટક્કર મારતા સુરેશભાઈને ગંભીર ઇજાઓ થતા સુરેશભાઇનું સ્થળ ઉપર જ મૃત્યું નિપજ્યું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર સુરેશભાઇના પુત્ર યોગેશભાઇ મંગલાણીએ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઇન્ચાર્જ પો.ઇ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** બાલસંગજી ઉર્ફે ચેહરજી ફતાજી ઠાકોર (ઉ.વ.૪૬)(રહે.પંચવટી ટેનામેન્ટ શ્યામશરણ વિભાગ-01 ની બાજુમાં લાલગેબી આશ્રમ પાસે ગામ-ધુમા તા-દસક્રોઈ જી.અમદાવાદ ગ્રામ્ય) તા.૦૯/૦૭/૨૦૨૩ રાતના ૨/00 વાગ્યાના સુમારે સીંધુભવન રોડ તાજ હોટલ સામેથી ચાલતા રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી બાલસંગજીને ટક્કર મારતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૯/૦૭/૨૦૨૩ બપોરના ૧૨/30 વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર બાલસંગજીના ભાણેજ કમલેશ વાઘેલાએ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.જી.કટારીયા ચલાવે છે.

**<u>તળાવ માં ડુબી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૩૩/૨૦૨૩</u>**

**સરખેજઃ** અજયભાઇ કરશનભાઇ મારવાડી (ઉ.વ.૧૯)(રહે.વાડા વિસ્તાર, પ્રણામ સ્કુલ સામે, સરખેજ) તા.૦૯/૦૭/૨૦૨૩ બપોરના ૪/૨૫ વાગ્યા પહેલા એલ.જે.કેમ્પસ, નાગદેવના મંદિર સામે, કણજી તળાવમાં નાહવા જતાં પાણીમાં ડુબી જતાં તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી